GOVT. ARTS AND COMMERCE COLLEGE, NETRANG
TA-NETRANG , DI-BHARUCH TELE.NO.(O) (02643) 283417 (M) +91 9825872228
Email :gaccnetrang@gmail.com
Website: www.gaccnetrang.ac.in

# સપ્તધારા : વાર્ષિક અહેવાલ : ૨૦૧૯-૨૦

અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ નેત્રંગ, જિ.ભરૂચ ખાતે સપ્તધારાની જ્ઞાનધારા અંતર્ગત વર્ષના આરંભે આચાર્યશ્રી ડૉ.જી.આર.પરમાર સાહેબના માર્ગદર્શનમાં “ક્વિઝ સ્પર્ધા ”નું આયોજન ૧૩મી સપ્ટેમ્બર ના રોજ કરવામાં આવ્યું.આ સ્પર્ધામાં કુલ ૧૫૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમા પ્રથમ ક્રમાંકે વસાવા કિશનકુમાર એન. દ્વિતીય ક્રમાંકે વસાવા કૌશિકભાઈ એસ. તૃતીય ક્રમાંકે વસાવા કિશન એન. જેઓ પોતાની ઉમદાપ્રતિભાથી વિજય થયા હતા. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા અને સંચાલન જ્ઞાનધારાના સંયોજકશ્રી પ્રા.દિગેશભાઈ પવાર અને પ્રા.પ્રકાશભાઈ પરમાર અને તેમની સમગ્ર ટીમે કર્યું.





સર્જનાત્મક અભિવ્યક્તિધારા અંતર્ગત તારીખ ૧/૮/૨૦૧૯ ના રોજ સવારે ૧૧:૪૫ કલાકે રૂમ નંબર આઠમાં “નિબંધ સ્પર્ધા” યોજવામાં આવી; આ સ્પર્ધામાં કુલ ૨૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે પ્રા.હસમુખભાઈ પાટણવાડિયા અને પ્રા. સંજયભાઈ વસાવાએ યોગદાન આપ્યું હતું. જેમા પ્રથમ ક્રમાંકે વસાવા ફાલ્ગુનીબેન એસ., દ્વિતીય નંબર વસાવા મહેશ્રવરીબેન વી. અને ત્રીજા ક્રમાંકે વસાવા જ્યોતિબેન ડી.એ પ્રાપ્ત કર્યો હતો. પ્રોગ્રામ ઓફિસર પ્રા.પ્રકાશભાઈ આર.પરમાર અને તેમની સમગ્ર ટીમે આ કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરી હતી.આ ધારા અંતર્ગત ૮મી ઓગષ્ટ ના રોજ વિદ્યાર્થીઓમાં રહેલી વિવેચનાત્મક શક્તિ અને મૂલ્યાંકન શક્તિ ખીલે તેવા ઉદ્દેશથી“પુસ્તક સમીક્ષા”નીસ્પર્ધાનું આયોજન થયું. જેમા નિર્ણાયક તરીકે પ્રા.પ્રકાશભાઈ આર.પરમાર અને પ્રા. ડૉ. સંજયભાઈ વસાવાએ યોગદાન આપ્યું હતું; જેમા પ્રથમ ક્રમાંકે ચૌહાણ ભાયાભાઈ એસ. દ્વિતીય ક્રમાંકે વસાવા જાગૃતીબેન એમ. તૃતીય ક્રમાંકે વસાવા હર્નેશભાઈ એચ.ને નિર્નાયકોએ જાહેર કર્યા હતાં.

ગીત સંગીત નૃત્યધારા અંતર્ગત૧૪મી ઓગષ્ટ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે પ્રાર્થના સભાખંડમાં“ દેશભક્તિગીત સ્પર્ધા ” થઈ. આ સ્પર્ધામાં કુલ ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે પ્રા.પ્રકાશભાઈ આર.પરમાર અને પ્રા. દિગેશભાઈ પવારે યોગદાન આપ્યું હતું. જેમા પ્રથમ ક્રમાંકે વસાવા આકાશ .એમ બીજા ક્રમાંકે વસાવા જિનિક્ષાબેન, વસાવા ભૂમિકાબેન અને ત્રીજા ક્રમાંકે વસાવા વિક્રમ આર., વસાવા શુકવંતિબેન કે. આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા પ્રા.તરુલતાબેન અને તેમની સમગ્ર ટીમે અને સંચાલન પ્રા.હસમુખભાઈ પાટણવાડિયાએ કરીને સફળ બનાવ્યો.





ત્યારબાદ ૯મી નવેમ્બરથી ૧૧મી નવેમ્બર સુધી વિવિધ સ્પર્ધાઓ જેમ કે કાવ્ય પઠણ,પરંપરાગત ગરબો, તબલા વાદન, લોકનૃત્ય, હળવું કંઠ્ય, સમૂહગીત વગેરે સ્પર્ધાઓ યોજાઈ હતી.જેમા અમારી કૉલેજના વિદ્યાર્થીતબલાવાદન, કાવ્યપઠણ, ગરબો, અને હળવું કંઠ્યગીત સ્પર્ધામા વિદ્યાર્થીઓ ઉત્સાભેર જોડાયા હતાં. પ્રૉગ્રામ ઑફિસર પ્રા.તરુલતાબેન ડી.ચૌધરી અને પ્રા.હસમુખભાઈ યું પાટણવાડિયાએ આ કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરીને કાર્યક્રમને સફળ બનાવ્યો.





નાટ્યધારા અંતર્ગત આંતર કૉલેજ " નાટક સ્પર્ધા " યોજાઈ. ૧૭મી સપ્ટેમ્બર ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે પ્રાર્થના સભાખંડમાં " નાટક સ્પર્ધા " યોજવામાં આવી. આ સ્પર્ધામાં વ્યસન મુક્તિ, અંધવિશ્ર્વાસ, સ્ત્રીસશ્ક્તિકરણ જેવા વિષયો ઉપર નાટકો રજુ થયા હતાં. જેમા નિર્ણાયક તરીકે પ્રા.પ્રકાશભાઈ આર.પરમાર અને પ્રા. દિગેશભાઈ પવારે યોગદાન આપ્યું હતું. આ સ્પર્ધામા પ્રથમ ક્રમાંકે વસાવા હર્નેશ &ગ્રૃપ .એમ બિજા ક્રમાંકે ભક્તા નરેન્દ્ર & ગ્રૃપ અને ત્રીજા ક્રમાંકે મુશ્કાન & પરિમલ ગ્રૃપને જાહેર કર્યા હતાં. જેમા નાટ્યધારા અંતર્ગત પ્રોગ્રામ ઓફિસર ડૉ.સંજયભાઈ વસાવા સાહેબ અને તેમની સમગ્ર ટીમે આ કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરી સ્પર્ધા ને સફળ બનાવી.





ખેલકૂદ,વ્યાયામ અને યોગધારા અંતર્ગત અમારી કૉલેજમાં રમત-ગમત દિવસની ઉજવણી કરવામાં આવી. તેમાં વિવિધ સ્પર્ધાઓ અને પ્રવૃતિઓ કરવામાં આવી હતી. કોલેજ કક્ષાએ દોડ, લાંબીકૂદ, ઉંચીકૂદ, ગોળાફેંક, બરછી ફેંક, લીંબુ ચમચી, એક મિનિટ એક્ટ, ક્રિકેટ વગેરે રમતોની સ્પર્ધા જુદા જુદા વર્ગો વચ્ચે યોજાઇ હતી. આ સ્પોર્ટ ડેમાં આર્ટસ અને કોમર્સનાં લગભગ 365 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ રમતોમાં વિદ્યાર્થીઓને ક્રમાંક અને ટ્રોફી આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.







રંગકલા-કૌશલ્યધારા અંતર્ગત ૨૦મી જુલાઈ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે " રંગોળી સ્પર્ધા " યોજાઈ. આ સ્પર્ધામાં ઘણા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે પ્રા.જયશ્રીબેન દેસાઈ અને પ્રા.તરુલતાબેન ચૌધરીએ યોગદાન આપ્યું હતું. જેમા પ્રથમ ક્રમાંકે વસાવા દીપિકાબેન આર.બીજા ક્રમાંકે વસાવા રીનાબેન એમ., અને ત્રીજા ક્રમાંકે વસાવા પાર્વતીબેન એસ. આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ડૉ.મહેશભાઈ ગઢિયા અને તેમની સમગ્ર ટીમે સફળ બનાવ્યો હતો.

સપ્તધારા અંતર્ગત સામુદાયિક સેવાધારાનો વર્ષ ૨૦૧૯-૨૦ નો અહેવાલ આ મુજબ છે. સ્વચ્છભારત મિસન અંતર્ગત તા.૦૨/૧૦/૨૦૧૯ના રોજ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પ્લાસ્ટિક મુક્તિની રેલી નેત્રંગ ગામમાં કાઢવામાં આવી. જેના થકી સ્વચ્છતાના મહત્વ વિશે વિદ્યાર્થીઓએ સુત્રોચ્ચાર કરીનેં ગ્રામજનોને માહિતગાર કર્યા.






તા.૩/૧૦/૨૦૨૦ ના રોજ વિદ્યાર્થીઓએ કોલેજના મકાનની સાફ સફાઇ કરી, કોલેજને સ્વચ્છ બનાવી.વિશ્વ એડ્સ દિવસ નિમિતે તા.૦૨/૧૨/૨૦૧૯ ના રોજ વિદ્યાર્થીઓએ કોલેજ એડ્સ વિશેની માહિતી આપવામાં આવ્યા. તા.૨૬/૧૨/૨૦૧૯ ના રોજ વિદ્યાર્થીઓએ કોલેજ કેમ્પસ, મેદાન, બગીચામાં ઉગી નિકળેલ બિન જરૂરી ઘાસનો નિકાલ કરવામાં આવ્યો.





તા.૦૧/૦૧/૨૦૨૦ ના રોજ મતદાન જગૃતિ અભિયાન અંતર્ગત નવા મતદાતાઓની નોંધણી કરાવવામાં આવી અને વિદ્યાર્થીઓને મતદાનમાં મહત્વ વિશેની માહિતી આપવામાં આવી.



આમ, આચાર્યશ્રી ડૉ.જી.આર.પરમાર સાહેબ અને વાઈસ પ્રિંસિપાલ જે.સી.ઠાકોરના માર્ગદર્શનમાં અને સપ્તધારા કૉ-ઑડિનેટર તેમજ સંયોજકશ્રીઓની સહાયથી સમગ્ર પ્રવૃત્તિઓ સાર્થક થઈ.

પ્રકાશ. આર. પરમાર
સપ્તધારા કૉ-ઑડિનેટર

ડૉ. જી. આર. પરમાર
આચાર્યશ્રી